ADFACTORS PR
Knowledge-driven communications

| | | | |
|---|---|---|---|
| Published Date: | 1 Dec 2018 | Publication: | Surya Kaal (Gujarati) |
| Edition: | Ahmedabad | Page No: | 6 |
| MAV/CCM: | 6745.2/10.22 | Circulation: | 52000 |

# TCS IT ક્વિઝ ૨૦૧૮ની નેશનલ ચેમ્પિયન્સ વડોદરાની સંત કબીર બની

મુંબઈ, શનિવાર

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (BSE: 532540, NSE: TCS)એ 25 નવેમ્બર, 2018ને રવિવારે મુંબઈનાં વિવાન્તા તાજ પ્રેસિડન્ટમાં યોજાયેલી એની ગ્રાન્ડ ફાઈનલમાં ભારતની સૌથી મોટી ઈન્ટરસ્કૂલ IT ક્વિઝ કોમ્પિટિશન TCS IT વિઝ 2018નાં વિજેતાઓની જાહેરાત કરી હતી. TCS IT વિઝ ચેમ્પિયનશિપ ટાઈટલ વડોદરાની સંત કબીર સ્કૂલનાં ભવ્યા ચાર્નિગા અને નિહાર શાહને મળ્યું હતું. જ્યારે સ્કૂલ માટે વિજેતા ટીમે ડિજિટલ શોપિંગ માટે ₹150,000 મૂલ્યનાં ઈ-વાઉચર્સ, ગોલ્ડ મેડલ અને ચેમ્પિયન ટ્રોફી જીતી



હતી, ત્યારે રનર્સ અપ કોટાગિરીની સેન્ટ જ્યૂડ્સનાં યાઝહિની શણ્મુગમ અને હર્ષ અગ્રવાલે ડિજિટલ શોપિંગ માટે ₹100,000નાં ઈ-વાઉચર, સિલ્વર મેડલ અને ટ્રોફી જીતી હતી.

TCSનાં CEO અને MD રાજેશ ગોપીનાથને નેશનલ ફાઈનલ પર કહ્યું હતું કે, ભારતભરનાં ઘણાં વિદ્યાર્થીઓએ અત્યાધુનિક ટેકનોલોજીઓ અપનાવી છે, જે રક બાબત છે. હકીકતમાં ITનાં માર્ગે અગ્રેસર થવું જ ભવિષ્ય છે અને આ સેગમેન્ટમાં ભારતે છેલ્લાં ઘણાં દાયકાથી પ્રગતિ કરી છે. આ જ માર્ગે આપણે ફરી શક્તિશાળી રાષ્ટ્ર બન્યાં છીએ. મને અત્યારે આ ક્ષણનાં સાક્ષી બનવાનો ગર્વ છે અને હું વિજેતાઓને તથા તમામ ટીમનો અભિનંદન આપું છું, જેણે IT વિઝ 2018ને ભવ્ય સફળતા અપાવી છે.

આ પ્રસંગે TCSનાં CEO & MD રાજેશ ગોપીનાથને વિજેતાઓને ઈનામનું વિતરણ કર્યું હતું.